# સેનાપતિ નામાન

## (ફાધર વર્ગીસ પોલ)

બાઈબલના નવા કરારમાં ઈસુએ ઉલ્લેખ કરેલું એક પાત્ર છે સિરિયાનો સેનાપતિ નામામન, ઓક દિવસ ‘ગામનો દીકરો ગામમાં ન પુજાય’ એ અર્થમાં ઈસુએ પોતાના વતન નાસરેથના સભાગૃહમાં જઈ લોકોને ઉપદેશ આપતાં કહ્યું, “પયગંબર એલિયાના વખતમાં ઈસાયલમાં કોઢિયા તો પુષ્કળ હતા, છતાં સિરિયામાં નામાન સિવાય બીજા કોઈને સાજો કરવામાં આવ્યો નહોતો.”

નવા કરારમાં ઉપરોક્ત સિવાય સેનાપતિ નામાનની આખી વાત આપણને જૂના કરારના રાજાના બીજા ગ્રંથમાં મળે છે. નામાનની એ વાત ખૂબ રસપ્રદ અને ઉપદેશરૂપ છે. એમાં એક બાજુ માણસના ગર્વની વાત છે તો બીજી બાજુ ભગવાન ઉપરની શ્રદ્ધાના ચમત્કારનું વર્ણન છે.

નામાન અરામના રાજાનો અને એમની સેનાનો માનીતો સેનાપતિ હતો. પ્રભુએ સેનાપતિ નામાન મારફતે અરામીઓને વિજય અપાવ્યો હતો. તે વીર યોદ્ધા હતો, પણ તે કોઢથી પીડાતો હતો.

આરામીઓ પડોશી રાજ્ય ઈસાયલ સામેના એક હુમલા દરમિયાન ત્યાંથી એક નાની નમણી છોકરીને ઉપાડીને લાવ્યા હતા અને તે નામાનની વહુની દાસી થઈને રહી હતી. એ ઈસાયલી છોકરીએ પોતાની શેઠાણીને કહ્યું “જો મારા શેઠ શમરૂનના નબીને મળે, તો તે એમનો કોઢ મટાડી દે.” નામાને જઈને આ વાત પોતાના માલિકને કહી.

અરામના રાજાએ કહ્યું, “સારું તું જરૂર જા. હું ઈસાયલના રાજા ઉપર તને પત્ર લખી આપીશ.” પોતાના માનીતા સેનાપતિ નામાનને ઈસાયલ મોકલતાં અરામના રાજાએ ઈસાયલના રાજા પર પત્ર સાથે ભેટમાં પુષ્કળ ચાંદી, સોના અને પોશાક મોકલ્યા. આથી બાઈબલ નોંધે છે તેમ, નામાન દસ મણ ચાંદી, છ હજાર સોનામહોર અને દસ પોશાક લઈને ઊપડયો. તેણે ઈસાયલના રાજાને પત્ર આપ્યો, જે નીચે મુજબ હતો. “આ પત્ર લઈને હું મારા સેવક નામાનને તમારી પાસે મોકલું છું. તમે એનો કોઢ મટાડશો.”

અહીં આપણે અર્થનો અનર્થ થતાં જોઈએ છીએ. ઈસાયલની છોકરીએ પોતાના શેઠ નામાનને પોતાના દેશના નબીની વાત કરી હતી. પરંતુ અરામનો રાજા પોતાના માનીતા સેનાપતિ નામાનને ઈસાયલના રાજાની પરવાનગી લઈને ત્યાંના નબી પાસે મોકલવાને બદલે સીધા ઈસાયલના રાજા પર પત્ર લકીને નામાનનો કોઢ મટાડવાનો આગ્રહ કહે છે.

પત્રનો સંદર્ભ કે નામાનની આખી વાત સમજ્યા વિના અરામના રાજાનો પત્ર વાંચતા ઈસાયલના રાજા ઘણું બધું કલ્પી લે છે અને ગભરાટ અને ગુસ્સામાં પોતાનાં કપડાં ફાડી નાખીને અફસોસ વ્યક્ત કરે છે. બાઈબલ કહે છે તેમ, ઈસાયલના રાજાએ પત્ર વાંચીને ગભરાઈ જઈને પોતાનાં કપડાં ફાજી નાખ્યાં અને તે બોલી ઊઠયો. “હું તે કંઈ દેવ છું કે મારી કે જિવાડી શકું? એ આ માણસને એનો રોગ મટાડવા મારી પાસે મોકલી આપે છે! જુઓ તો ખરા ! જરૂર એ મારી સાથે ઝઘડો કરવા માગે છે.”

જયારે એલિશાએ ઈસાયલના રાજાએ પોતાનાં વસ્ત્રો ફાડયાનું સાંભળ્યું ત્યારે તેણે તેમને સંદેશો મોકલ્યો કે, “તમે શું કામ ગભરાઓ છો? એને મારી પાસે આવવા દો, એટલે એની ખાતરી થશે કે ઈસાયલમાં કોઈ નબી વસે છે.” આથી નામાન પોતાના ઘોડા અને રથો લઈને એલિશાના ઘરને આંગણે જઈને ઊભો. એલિશાએ તેને એક કાસદ મારફતે કહેવડાવ્યું કે, “તમે જઈને સાત વાર યર્દન નદીમાં સ્નાન કરો એટલ તેમારી ચામડી ફરી સાજી થઈ જશે.”

અહીં સેનાપતિ નામાનનો પ્રતિભાવ જોવા જેવો છે. પોતાનો કોઢ કેવી રીતે ઈસાયલનો નબી મટાડશે  અંગે નામાનને ચોક્કસ ખ્યાલ હતો. પરંતુ ઈસાયલના નબીએ નામાનના ખ્યાલને અનુરૂપ પ્રતિભાવ આપ્યો નથી. ઊલટું, નામાનને મળવાની પણ તકલીફ લીધા વિના એને કંઈ સીધુંસાદું કામ કરવા એક નોકર દ્વારા જણાવે છે.

પરિણામે બાઈબલ કહે છે તેમ, નામાન તો ગુસ્સે થઈને બબડતો બબડતો ચાલ્યો ગયો અને એણે કહ્યું, “હું તો એમ ધારતો હતો કે તે બહાર આવી મારી પાસે ઊભો રહી. પોતાના પરમેશ્વર પ્રભુનું નામ લઈ, રોગવાળા ભાગ ઉપર હાથ ફેરવી દોઢ મટાડી દેશે. દમસ્કની નદીઓ અબાના અને ફરપર ઈસાલની બધી નદીઓ કરતાં બહેતર નથી? તેમાં સ્નાન કરીને હું રોગમુક્ત ન થઈ શકું ? આમ તે પાછો ફરીને ગુસ્સામાં ને ગુસ્સામાં ચાલ્યો ગયો.”

પરંતુ નામાનના સદ્દભાગ્યે એના નોકરો વધારે વિવેકી અને સમગ્ર પરિસ્થિતિને સમજનાર નીવડયા. “નાના મોંએ મોટી વાત” ની જેમ નામાનના નોકરોએ તેની પાસે જઈને તેને કહ્યું, “બાપુ, નબીએ તેમને કંઈ મુશ્કેલ વસ્તુ કરવાનું કહ્યું. હોત તો તમે કર્યું હોત કે નહિ? તો પછી એ તમને કહે છે કે, “તમે નાહશો એટલે સાજા થઈ જશો. તો તો તમારે એનું કહ્યું વધારે માનવું જોઈએ.”

નોકરોના કહેવાથી સેનાપતિ નામાનની વિવેકબુદ્ધિ જાગી અને તેણે નમતાથી યર્દન નદીમાં જઈને એલિશાના કહ્યા પ્રમાણે સાત વાર ડૂબકી મારી, એટલે તેની ચામડી બાળકની ચામડી જેવી ચોખ્ખી થઈ ગઈ. પોતાને કોઢમાંથી સાજોનરવો થયેલો જોઈને સેનાપતિ નામાનની શ્રદ્ધા જાગી અને આભારભર્યા  હૃદયે પોતાની બધી ભેટસોગાદ લઈને નબી એલિશા પાસે પાછો આવ્યો અને નબીને કહ્યું, “હવે મને ખાતરી થઈ કે, ઈસાયલ સિવાય પૃથ્વી ઉપર ક્યાંય પરમેશ્વર નથીઃ હવે આપ આ સેવકની ભેટ સ્વીકારવાની કૃપો કરો.”

પણ નબી તો નબી જ છે. એણે કંઈ ભેટ સ્વીકારવાની ચોખ્ખા ના પાડી, એલિશાએ કહ્યું, “જે પ્રભુનો હું સેવક છું તેના કસમ ખાઈને કહું છું કે હું કોઈ ભેટ સ્વીકારીશ નહી.”

નામાને તેને કંઈક સ્વીકારવાનો આગ્રહ કર્યો, પણ તેણે માન્યું નહિ. ત્યારે નામાન બોલ્યો, “આપ ના જ પાડો છો આ સેવકને બે ખચ્ચર માટી આપો, કારણ, હું હવે પ્રભુ સિવાય બીજા કોઈ દેવને બલિ કે આહુતિ ચડાવવાનો નથી. માત્ર આટલી એક બાબતમાં હું પ્રભુની ક્ષમા યાચું છું. અને તે એ કે મારા માલિક જ્યારે રિમોન દેવના મંદિરમાં પૂજા કરવા જાયે છે ત્યારે મારા હાથનો ટેકો લે છે અને તેઓ ત્યાં પગે લાગે છે ત્યારે હું પણ પગે લાગું છું. પ્રભુ, આ સેવકને એટલી ક્ષમા કરો.” એલિશાએ કહ્યું, “સારું, સુખે જા.”

નામાનની આ વાતમાં અહીં એક ઉપકથા આવે છે. માણસના લોભને છતી કરતી આ ઉપકથાનો નાયક નબી એલિશાનો નોકર ગેહાઝી છે. ગેહાઝીની સામે એક બાજુ અરામના રાજાએ સેનાપતિ નામાન દ્વારા પોતાની ગુરુ બની એલિશા માટે મોકલેલી કિમતી ભેટસોગાદ અને બીજી બાજુ એ બધી ભેટ પ્રત્યે નિઃસ્પૃહ રહેતો પોતાનો ગુરુ નબી એલિશા. નબી એલિશાએ કોઈ ભેટ સ્વીકારવામાં મક્કમપણે ના પાડવાથી, સેનાપતિ નામાન પોતાની બધી ભેટો સાથે પોતાના રાજ્ય આરમ તરફ પરત ફરે છે. પણ ત્યાં નબી એલિશાના લોભી નોકાર ગેહાઝીને તેન પડતું નથી. બાઈબલે નોકર ગેહાઝીનું સ્વગત ભાષણ આપ્યું છે. “શું મારા માલિકે આ અરામી નામાનને તે જે ભેટ લાવ્યો તે સ્વીકાર્યા વગર જ એમ ને એમ જવા દીધો? પ્રભુના કસમ, હું દોડતો તેની પૂંઠે જાઉં છું. અને તેની પાસેથી કંઈ લઈ આવું છું.”

આ વિચારને તરત જ અમલમાં મુકતાં ગેહાઝી નામાનની પૂંઠે દોતો પહોંચ્યો. ગેહાઝીને દોડીને આવતો જોઈને નામાને પોતાના રસાલાને રોક્યા અને પોતાના રથમાંથી કૂદી પડીને ગેહાઝીને પૂછ્યું, “બધું કુશ તો છે ને?” ગેહાઝીએ પોતાનો લોભ છુપાવતાં નામાનને કહ્યું. “બધું કુશળ છે. મારા માલિકે એમ કહેવડાવ્યું છે કે, “એફ્રાઈમના ઉચ્ચ પ્રદેશના નબીઓનાસંઘના બે તરુણો હમણાં જ આવ્યા છે, તેમને એક મણ ચાંદી અને બે પોશાક આપી શકશો?””

નામાન તો એલિશામે પોતે લાવેલા ભેટસોગાદ આપવા તૈયાર જ હતો. એટલે તેણે ગેહાઝીને આગ્રહ કરીને માગી તે કરતાં વધારે ભેટો આપી અને બધી માલમતા ઉઠાવવા માટે પોતાના બે નોકરોને પણ ગેહાઝી સાથે મોકલ્યા. જ્યારે ગેહાઝી એલિશા રહેતો હતો તે ટેકરી પર પહોંચ્યો ત્યારે તેણે પેલા માણસો પાસેથી વસ્તુઓ લઈને ઘરમાં મૂકી દઈ તેમને પરત મોકલ્યા. પછી ગેહાઝી અંદર જઈ એલિશા આગળ ઊભો રહ્યો ત્યારે નબીએ કહ્યું. “ગેહાઝી, તું ક્યાં ગયો હતો? કયાંય નહિ,” ગેહાઝી જુઠું બોલ્યો.

પણ એલિશાએ કહ્યું, “જ્યારે કોઈ તને મળવા માટે રથમાંથી કૂદી પડયું ત્યારે હું અંતદષ્ટિથી એ જોતો નહોતો? આ કંઈ પૈસા લેવાનો પ્રસંગ છે ? આ કંઈ બગીચાઓ, જે તૂનની વાડીઓ, દ્રાક્ષની વાડીઓ, ઘેટાંબકરાં અને ઢોર તથા દાસ અને દાસીઓ લેવાનો પ્રસંગ છે? નામાનનો કોઢ અને તારાં વંશજોને કાયમનો વળગશે.” ગેહાઝીને તરત જ કોઢ ફૂટી નીકળ્યો. તેની ચામડી બરફ જેવી સફેદ થઈ ગઈ અને તે એલિશાની સામેથી ચાલ્યો ગયો.

આમ એલિશાએ ત્યાગ કરેલી ભેટસોગાદથી એનો નોકર ગેહાઝી ધનિક બન્યો, પણ એનો આ લોભ એને ભારે પડયો. નામાન પાસેથી મળેલા સોના, ચાંદી અને પોશાક સાથે એને જે રોગથી નામાન સાજો થયો હતો તે કોઢ તેને મળ્યો. તેનો લોભ એને ગળી ગયો.

(છેલ્લે બદલ્યાની તારીખઃ 01-04-2007)

(ફરી બદલ્યાની તારીખઃ 16-04-2007)

ફાધર વર્ગીસ પોલ (ઝ) કોપીરાઈટ 2007